## જન્મદિને વધામણી



દર્શન મારૂ
મો. ૯૫૮૬૨ ૮૭૪૪૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ગાંધીનગરની બીબીએ કૉલેજ દ્વારા રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બીઝનેસ ઍડમીનીસ્ટ્રેશન (બીબીએ) ના વિદ્યાર્થીઓ દ્વારા વેકેશન દરમ્યાન પણ ગુજરાત રાજય ના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટિ નાં હેડ ડો.જયેશ તન્ના સહીત કોલેજના અધ્યાપકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓ એ આ પ્રસંગે દિવસે ગુજરાત ની સ્થાપના માટે બલિદાન આપનાર નામી અનામી સૌ પ્રત્યે કૃતજ્ઞતા નો ભાવ વ્યક્ત કર્યો હતો. અને ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ સહીત વિવિધ ક્ષેત્રના બેસ્ટ ગુજરાતીઓને યાદ કર્યા હતા. વિદ્યાર્થીઓને આજના દિવસે મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસ તેમજ વિશ્વ શ્રમ દિવસ બાબતે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા અભ્યાસની સાથે સાથે રાજ્ય તેમજ રાષ્ટ્ર પ્રત્યે તમામ નાગરિકોની ફરજ માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવતા કાર્યક્રમો અવાર નવાર યોજવા બદલ આંનદ ની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ડો. જયેશ તન્નાના માર્ગદર્શન હેઠળ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો.

# યુ. જી. મૅડિકલની પ્રવેશ પ્રક્રિયા હવે ગાંધીનગરથી હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૫

ધો.૧૨ સાયન્સનું પરિણામ આવવાની તૈયારી છે ત્યારે હવે પી.જી.મેડિકલની જેમ મેડિકલ-પેરા મેડિકલ પ્રવેશ માટેની કાર્યવાહી ગાંધીનગરથી જ કરવામાં આવશે. આ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. આગામી દિવસોમાં આ માટેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. હાલમાં પી.જી.મેડિકલ પ્રવેશ પ્રક્રિયા જે સ્થળેથી કરવામાં આવી રહી છે તેજ સ્થળેથી યુ.જી.મેડિકલની પ્રવેશ પ્રક્રિયા પણ કરવામાં આવશે. આમ, વિદ્યાર્થીઓએ હવે પ્રવેશ માટે બી.જે.મેડિકલ કોલેજ નહી પરંતુ ગાંધીનગરની મેડિકલ પ્રવેશ સમિતિ સમક્ષ જવાનું રહેશે.

ધો.૧૨ પછી યુ.જી.મેડિકલમાં પ્રવેશ માટે હાલમાં બી.જે.મેડિકલ કોલેજમાંથી કાર્યવાહી કરવામાં આવે છે. આ માટે સરકાર દ્વારા સત્તાવાર રીતે પ્રવેશ સમિતિની રચના કરવામાં આવે છે. સૂત્રો કહે છે બી.જે.મેડિકલ કોલેજના ડીનને મેમ્બર સેક્રેટરી તરીકે નિયુક્ત કરીને પ્રવેશ સમિતિની રચના કરવામાં આવતી હોય છે. સૂત્રો કહે છે ગતવર્ષે બી.જે.મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ગંભીર છબરડાં કરવામાં આવ્યા હતા. મેડિકલના સૂત્રો કહે છે જે બેઠકોની મંજુરી મળી નહોતી તેવી બેઠકો માટે વિદ્યાર્થીઓને ચોઈસ આપી દેવાનું કહેવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓએ ચોઈસ આપીને પ્રવેશ માટે ગયા ત્યારે ખબર પડી કે આ બેઠકોની મંજુરી જ નથી. જેના કારણે આયુર્વેદમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને ડેન્ટલમાં પ્રવેશ આપી દેવાયો હતો. સળંગ બે રાઉન્ડ સુધી આ પ્રકારની ગફલત ચલાવવામાં આવી હતી. જેના કારણે છેવટે ડેન્ટલની બેઠકો ખાલી પડી હતી. આ ઉપરાંત પ્રવેશ સમિતિના સભ્યો ફોન ઉપડવાની તસ્દી લેતાં નથી તેવી ફરિયાદો પણ ગાંધીનગર સુધી પહોંચી હતી. વાલીઓ વિરોધ કરવા માટે આવે ત્યારે પ્રવેશ સમિતિના સભ્યો મોબાઈલ બંધ કરીને બેસી જતાં હોવાની અનેક ફરિયાદો પણ આરોગ્ય મંત્રી સુધી પહોંચી હતી. જેના કારણે ચાલુ વર્ષે મેડિકલની પ્રવેશ પ્રક્રિયા બી.જે.મેડિકલ કોલેજથી ખસેડીને ગાંધીનગર લઈ જવાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. હેલ્થ વિભાગના સૂત્રો કહે છે યુ.જી. અને પી.જી. મેડિકલની પ્રવેશ પ્રક્રિયા એક જ જગ્યાએથી થાય તેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને ઓછી મુશ્કેલી નડતી હોય છે. આ ઉપરાંત બી.જે.મેડિકલ કોલેજમાં ચાલતી પ્રવેશ સમિતિ સમક્ષ અનેક પ્રકારની ફરિયાદોના કારણે પણ હવે સરકાર દ્વારા બન્ને પ્રકારની પ્રવેશ પ્રક્રિયા ગાંધીનગરથી જ થાય તેવી પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

## ડાયરેક્ટ ❤ સે

જે બાંધવાથી બંધાય
અને તોડવાથી તૂટી જાય
એ 'બંધન'
અને જે આપમેળે બંધાય
અને જીવનભર ના તૂટે
એ 'સંબંધ'

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૨૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
બાહુબલિ-૨
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૧૨.૩૦, ૫.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(હિન્દી, ૩ડી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૦.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૧.૦૦

# પ્રા. કમલેશ ભાવનાણી પીએચડી થયા



ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત શ્રીમતી એમ પી પટેલ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ સૅન્ટર ફૉર પ્રૉફેશનલ કોર્સીસ, કડી કૉલેજના અધ્યાપક કમલેશ જે ભાવનાણીને રાય યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા પીઍચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ સી ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કમલેશ જે ભાવનાણી દ્વારા મહાનિબંધ 'એ કૉમ્પીટીટીવ ઍનાલિસીસ ઑન નૉન-પરફૉર્મિંગ ઍસેટ્સ ઑફ સિલૅક્ટેડ પબ્લિક ઍન્ડ પ્રાઈવેટ સૅક્ટર બૅન્ક્સ' તૈયાર કરવામાં આવ્યો હતો, જેને માન્ય રાખી યુનિવર્સિટી દ્વારા તેમને આ પદવી એનાયત કરવામાં આવી છે.

# પી.જી.મેડિકલમાં જનરલની ૩૪૦ SEBCની ૧૨૮ બેઠકો ખાલી

ગાંધીનગર, તા. ૫

પી.જી.મેડિકલની ગાંધીનગરમાં ચાલતી પ્રવેશ પ્રક્રિયામાં બીજા દિવસે વધુ ૩૭૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા હતા. જેના કારણે બે દિવસમાં કુલ ૬૬૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવી લીધા છે. હવે જનરલ કવોટાની ૩૪૦ અને એસઈબીસીની ૧૨૮ મળીને કુલ ૪૬૮ બેઠકો ખાલી પડી છે. પ્રવેશની છેલ્લી ઘડીએ જે બેઠકો ખાલી પડી છે તેમાં એનેસ્થેસિયામાં જનરલ કેટેગરીમાં ૨૯ અને એસઈબીસીમાં ૨ બેઠકો ખાલી પડી છે. આ જ રીતે ડર્મેટોલોજી જનરલની ૨ અને એસઈબીસીની ૧, ઈમરજન્સી મેડિસિનમાં એસઈબીસીની ૧, જનરલ મેડિસિનમાં ઓપનની ૫, જનરલ સર્જરીમાં ઓપન કેટગરીમાં ૬ એસઈબીસી ૧૨, આઈએસબીટી જનરલની ૪, ગાયનેકમાં જનરલની ૭, ઓપ્થોલોજીમાં જનરલની ૫, ઓર્થોપેડીક જનરલ કેટેગરીની ૪, ઈએનટીમાં જનરલ કેટેગરીની ૬, એસઈબીસીની ૬, પિડિયાટ્રીક જનરલ કેટેગરીની ૭, પેથોલોજીમાં જનરલની ૩૦ અને એસઈબીસીની ૧૯, સાઈકીયાટ્રીક જનરલ ૪, એસઈબીસીની ૬, રેડીયોલોજીમાં જૈન કેટેગરીની ૭ બેઠકો ખાલી પડી છે. આમ, ડિગ્રીની ૩૪૦ અને ડિપ્લોમાની ૧૨૮ મળી કુલ ૪૬૮ બેઠકો ખાલી પડી છે. આ સિવાય એનેટોમી, ફિઝિયોલોજી, બાયોકેમેસ્ટ્રી, ફોરેન્સિક સાયન્સ, ફાર્મોકોલોજી, માઈક્રો બાયોલોજી, ઈમ્યુનો મેડિસિન સહીતની બ્રાન્ચોની બેઠકો ખાલી પડી છે.


# પેથાપુરનો વિદ્યાર્થી 'સરહદ ઓળખો' કાર્યક્રમમાં

## અક્ષય પટેલે રાજ્યના સરહદી વિસ્તારોની મુલાકાત લઈ આ વિસ્તારોનાં કલા, વારસા, સ્થાપત્ય અને ઔદ્યોગિક એકમો તથા પુરાતત્ત્વીય સ્થળો અંગે વિશદ જાણકારી પ્રાપ્ત કરી

ગાંધીનગર, તા. ૫

પેથાપુર ગામના રહેવાસી અક્ષય નારાયણભાઈ પટેલે રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'આપણી સરહદ ઓળખો કાર્યક્રમ'માં ભાગ લઈ રાજ્યના સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી.

રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આપણી સરહદ ઓળખો કાર્યક્રમ ૩૧ માર્ચથી ૯ એપ્રિલ, ૨૦૧૭ દરમિયાન યોજવામાં આવ્યો હતો, જેમાં પસંદગી પામીને અક્ષય પટેલે રાજ્યના સરહદી વિસ્તારોની મુલાકાત લઈ આ વિસ્તારોનાં કલા,




વારસા, સ્થાપત્ય અને ઔદ્યોગિક એકમો તથા પુરાતત્ત્વીય સ્થળો અંગે વિશદ જાણકારી પ્રાપ્ત કરી હતી.

આ સમગ્ર પ્રવાસ દરમિયાન અક્ષયે ટીમ સાથે ભૂજમાં પ્રાગ મહેલ, કચ્છ મ્યુઝિયમ, સતરડી, હમીરસર તળાવ અને સ્વામિનારાયણ મંદિર, નીલકંઠ ભવન, જાદવજી નગર, રૂદ્રાણી જાગીર, રૂદ્રાણી ડેમ, મેકરણ દાદાની સમાધિ, કાળો ડુંગર, ગુજરાતનું છેલ્લું ગામ કુરન, ધર્મશાલા, વિદ્યા કોટ સરહદ, ધોરડો સફેદ રણ અને નખત્રાણા જેવાં સ્થળોની રોમાંચક મુલાકાત લીધી હતી.

# ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કૉલેજની NAAC ટીમ દ્વારા મુલાકાત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કાર્યરત સરકારી વિજ્ઞાન કૉલેજની NAAC ટીમ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. ટીમ દ્વારા કૉલેજનાં તમામ પાસાંની ચકાસણી કરવામાં આવી હતી અને હૉસ્ટેલ તથા રમતગમતના મેદાનની પણ મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાતના સમયગાળા દરમિયાન ચાલુ વર્ષના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી તેમના અનુભવો અને સમસ્યાઓ અંગે પણ ટીમે ચર્ચાઓ કરી હતી તેમજ કૉલેજના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ સાથે પણ ચર્ચા કરી હતી.

આ દિવસે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, તેમના અભિપ્રાયો પણ ટીમે મેળવ્યા હતા. ટીમ દ્વારા સંસ્થાને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને આચાર્ય ડૉ. કે જી છાયા સાથે રિપોર્ટ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આચાર્યએ ટીમ સમક્ષ સુંદર દેખાવ બદલ અધ્યાપકો અને સ્ટાફની પ્રશસ્તિ કરી સારા પરિણામની આશા વ્યક્ત કરી હતી.

# પુસ્તક મેળામાં હાસ્યલેખક વિનોદ ભટ્ટનાં હાસ્યબાણ

ગાંધીનગર, તા. ૫

'પોલીસ થર્ડ ડિગ્રી કરે, ગુનેગારને મારે, બરફની પાટ પર સુવાડે તો'ય એ કશુ ન બોલે. એટલે એ અધિકારી ફોર્થ ડિગ્રી શરૂ કરે જેમાં સિતાંશુ યશશ્ચંદ્રની કવિતા સંભળાવાનું શરૂ કરે એટલે ગુનેગાર બિચારો કહે, ગાંધીજીને મેં જ મારેલા અને ઈન્દિરા ગાંધી પર પણ ગોળી મેં જ ચલાવેલી.' સિતાંશુ યશશ્ચંદ્રની કવિતા શૈલી પર વાત કરતાં જાણીતા હાસ્ય લેખક વિનોદ ભટ્ટે આવી રમુજ કરી હતી. શહેરમાં ચાલી રહેલા રાષ્ટ્રીય પુસ્તક મેળામાં દર વર્ષે પુસ્તકોના વિતરણ અને વેંચાણ સાથે વિવિધ સાહિત્યિક કાર્યક્રમો પણ યોજાય છે. જેના ચોથા દિવસે સર્જક સાથે સંવાદ કાર્યક્રમ અંતર્ગત વિનોદ ભટ્ટ સાથે સર્જકોને સંવાદ કરવાની તક મળી. જેમાં તેમણે બક્ષી, યશવંત શુક્લ, જ્યોતિન્દ્ર દવે, સુન્દરમ, ગુલાબદાસ બ્રોકર સહિતના સર્જકો સાથેના કિસ્સાઓ કહીને શ્રોતાઓને મોજ કરાવી હતી તેમજ તેમની ફરમાઈશ મુજબના કિસ્સાઓ પણ કહી સંભળાવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે આ પુસ્તકોના વનમાં ફરો. પુસ્તકોને મળવાનું રાખો. જ્ઞાન જોઈતું હોય તો લેખકોને મળવાનું ઓછુ કરી નાખો. બને તો ટાળો. પુસ્તકો દગો નહીં કરે. ૬૦ વર્ષથી આ કામ કરુ છું ને એટલી બધી જ્ઞાનપ્રાપ્તિ કરી છે કે હવે મેળવવાની ઈચ્છા નથી.

# બી. એડ. કોલેજમાં પ્રવેશ માટે ફોર્મ વિતરણનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૫

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી અંદાજે ૫૦ બી.એડ કોલેજોમાં પ્રવેશ માટે આજથી ૫મી જૂન સુધી ફોર્મ વિતરણનો આરંભ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ગતવર્ષે અંદાજે ૯૦થી વધારે બી.એડ કોલેજોમાં પ્રવેશ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. હવે કેટલીક બી.એડ કોલેજો એસ.પી. યુનિવર્સિટી અને કેટલીક કોલેજો ગુરુ ગોવિંદ યુનિવર્સિટીમાં જવાના કારણે માત્ર ૫૦ કોલેજોની અંદાજે ૩ હજાર જેટલી બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. આ વખતે કરાયેલી નવી વ્યવસ્થા પ્રમાણે વિદ્યાર્થીઓ દરેક કોલેજોમાંથી પીન મેળવી શકશે. સામાન્ય રીતે બી.એડની પ્રવેશ પ્રક્રિયા મોડી શરૂ થતી હોય છે. પરંતુ આ વખતે બી.એડની પ્રવેશ પ્રક્રિયા વહેલી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતમાં ૩૦૦ જેટલી બી.એડ કોલેજો છે. સમગ્ર દેશમાં બી.એડ કોલેજોની સંખ્યા અંદાજે ૩૫૦૦ જેટલી છે. વર્ષ ૨૦૧૪માં કૉંગ્રેસ સરકારે બી.એડનો કોર્સ એક વર્ષમાંથી બે વર્ષનો કરવા માટે એક કમિટીની રચના કરી હતી. આ કમિટીએ આપેલા અહેવાલના આધારે ૨૦૧૪માં જ બી.એડનો કોર્સ બે વર્ષનો કરી દેવાયો હતો. જે તે સમયે આ નિર્ણય સામે સમગ્ર દેશમાંથી ભારે વિરોધ ઉભો થયો હતો. કેન્દ્રમાં ભાજપ સરકાર આવ્યા બાદ બી.એડ. કોલેજ સંચાલકોના ભારે વિરોધના પગલે બી.એડનો બે વર્ષનો કોર્સ એક વર્ષનો કરવા માટે ફરીવાર એક કમિટીની રચના કરી હતી. આ કમિટીએ હજુ સુધી પોતાનો અહેવાલ સુપ્રત કર્યો નથી. બી. એડ.નો કોર્સ બે વર્ષનો કરવાનો નિર્ણય જે કમિટીના અધ્યક્ષપદે લેવાયો હતો. એ કમિટીના મહિલા સભ્યના અધ્યક્ષપદે બી.એડનો કોર્સ એક વર્ષનો કરવાની નવી કમિટીની રચના કરવામાં આવી છે. જેના કારણે નવી કમિટી દ્વારા બી.એડનો કોર્સ એક વર્ષનો થાય તેવો અહેવાલ આપવામાં આવે તેવી કોઈ શકયતા દેખાતી નથી.

## જયપ્રકાશ વિદ્યાલયનું વાર્ષિક પરિણામ

**જુનિયર કેજી**
૧ સોલંકી પ્રણ
૨ ચાવડા જયવીર
૩ સોલંકી રાજેન્દ્ર

**સિનિયર કેજી**
૧ સુવર કક્ષ્વીલ એમ
૨ સોઢા દેવરાજ આર
૩ ભરવાડ સ્નેહા ડી

**ધોરણ-૧**
૧ પટેલ હેતશ્રી હિતેન્દ્રભાઈ
૨ પ્રજાપતિ ભૂમિ અશોકભાઈ
૩ રબારી હેપ્પી રાજુભાઈ

**ધોરણ-૨**
૧ ચૌધરી જૈવ બી
૨ મિસ્ત્રી મયુર બી
૩ પ્રજાપતિ જૈવલ બી

**ધોરણ-૩**
૧ પ્રજાપતિ પૂર્વાંશી બી
૨ પ્રજાપતિ દિયા એન
૩ જયસ્વાલ હિનલ એ

**ધોરણ-૪**
૧ ચૌધરી જયશ્રી પી
૧ પ્રજાપતિ પ્રયાંશ ઍમ
૨ રબારી રોહન ઍન
૨ શાહ ક્રિયા એ
૩ મિસ્ત્રી સંજના ઍમ

**ધોરણ-૫**
૧ ચૌધરી પ્રવીણ પી
૨ પ્રજાપતિ જયશ્રી ઍફ
૩ ઝાલા કૃષ્ણપાલસિંહ વી

**ધોરણ-૬**
૧ શાહ જીનલ જી
૨ પટેલ કેતુલ ઍસ
૩ પટેલ જૈવિન આર

**ધોરણ-૭**
૧ ઓસ્વાલ દેવાંશી ઍમ
૨ ચૌધરી હાર્મી બી
૩ પ્રજાપતિ દિપ્પન ઍસ

**ધોરણ-૮**
૧ રબારી વિશાલ જે
૨ સોલંકી સુમન બી
૩ અધેરા યશ વાય

**ધોરણ-૯**
૧ રબારી સોનલ કલ્યાણભાઈ
૨ ચૌધરી વિપુલભાઈ વી
૩ ઘાંચી કમલેશ પ્રતાપભાઈ

**ધોરણ-૧૧**
૧ અમીન રાજ વિનોદભાઈ
૨ પ્રજાપતિ કરણભાઈ પી
૩ ભીલ સંજય પોપટભાઈ





છેલ્લા ચાર દાયકાથી સમાજના વંચિત અને પછાત વર્ગનાં બાળકોને ઉત્કૃષ્ટ વાતાવરણમાં નજીવી ફી સાથે શિક્ષણ પૂરું પાડતી શ્રી ભાગવત વિદ્યાપીઠ દ્વારા સંચાલિત ડી ઍમ વિદ્યાલયમાં સંવેદના ટ્રસ્ટના સહકારથી હૅપ્પી સમર વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦થી વધારે બાળકો ભાગ લઈ રહ્યાં છે.

આ કાર્યક્રમ અંગે માહિતી આપતાં સંવેદના ટ્રસ્ટના મૅનૅજિંગ ટ્રસ્ટી જાનકી વસંતે જણાવ્યું છે કે આ વર્ષે સંવેદના પોતાના ૧૫ દિવસના હેપી સમર કૅમ્પના કાર્યક્રમના આયોજન દ્વારા ઉનાળા જેવી શુષ્ક ઋતુમાં પ્રાણ પૂરવા જઈ રહી છે. હેપી સમર કાર્યક્રમ એ વિશેષ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલા વિવિધ વર્કશૉપ્સ દ્વારા સમાજના વંચિત બાળકો અને શાળા, કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ પોતાની બૌદ્ધિક ક્ષમતા, કળા પ્રદર્શન અને સર્જનાત્મકતા બહાર લાવી શકે તે ઉમદા હેતુના પાર પાડવાના કાર્યક્રમોની શ્રેણી છે. ટ્રસ્ટ દ્વારા ૨૦૦૪થી સમર કૅમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કુલ ૩૨ કૅમ્પ યોજવાનું આયોજન છે, જે પૈકી ૩૦ સમર કૅમ્પ આંગણવાડીઓમાં ચાલશે. સમર કૅમ્પ અંતર્ગત ટ્રસ્ટના ૩૫ સ્વયંસેવકો દ્વારા હૅલ્થ અવેરનેસ, સાયન્સ, ચિત્ર, સંગીત, ડાન્સ તેમજ સર્જનાત્મક રમતો બાળકોને શીખવવામાં આવે છે. ઉપરાંત બાળકોને પ્રેમ, માનવતા, સંવેદનાના પાઠ શીખવવામાં આવે છે. આ સમર કૅમ્પમાં નાટક દ્વારા વ્યસનથી કેવી રીતે દૂર રહેવું તેની જાણકારી પણ બાળકોને આપવામાં આવે છે અને જાતિ સંવેદનશીલતાના પાઠ પણ શીખવવામાં આવે છે.

## ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૬ દરમિયાન

# ૯ હજાર નાગરિકોનાં માર્ગ અકસ્માતથી મોત

ગાંધીનગર, તા. ૫

માર્ગ અકસ્માતમાં થતા મોતની સંખ્યામાં ઘટાડો કરવા સુપ્રીમ કોર્ટે તમામ કોમર્શિયલ વાહનમાં સ્પીડ ગવર્નન્સ (સ્પીડ કંટ્રોલર- જે વાહનની ગતિ પર કાબુ કરે છે) લગાડવા હુકમ કર્યો હોવા છતાં ગુજરાતમાં અંદાજે ૨૦ થી ૨૨ લાખ કોમર્શિયલ વાહનો આ કિટ વગર જ ફરી રહ્યાં છે અને તેમને સમયાંતરે આર.ટી.ઓ. દ્વારા ફિટનેસ સર્ટિફિકેટ પણ ઈશ્યુ કરી દેવામાં આવે છે..!

આ આક્ષેપો નેશનલ રોડ સેફ્ટી કાઉન્સિલના સભ્ય ડો. કમલ સોઈએ એક પત્રકાર પરિષદમાં કર્યા હતા. તેમણે ગુજરાતમાં વર્ષ ૨૦૧૪માં ૭૮૫૭ તથા ૨૦૧૫માં ૮૧૧૯ અને ૨૦૧૬માં અંદાજે ૯૦૦૦ લોકોએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યાંનું પણ જણાવ્યું હતુ. દર વર્ષે માર્ગ અકસ્માતોની સંખ્યામાં સરેરાશ ૫% થી ૭%નો વધારો થઈ રહ્યાંનું પણ જણાવ્યું હતુ.

તેમણે આક્ષેપ પણ કર્યો હતો કે, એક સેફ્ટી ડિવાઈઝ ગુજરાતમાં મની મેકિંગ ડિવાઈઝ બની ગયું હોય તેવું લાગે છે.